# નવસારી કૃષિ યુનિવર્સિટી
એરૂ ચાર રસ્તા, નવસારી–૩૯૬૪૫૦


જા.નં. નકૃયુ/રજી/એડીએમ–૧.૧/૮૦૬-૫૫/૧૭ તા.૧૯–૦૧–૨૦૧૭

## :– પરિપત્ર :–

અત્રેની યુનિવર્સિટીના તમામ યુનિટ / સબ યુનિટના કર્મચારી / અધિકારીશ્રીઓને જણાવવાનું કે, યુનિવર્સિટીમાં હકક રજા મેળવવા/ રજા વધારવા/રજા પ્રવાસ રાહત/વતન પ્રવાસ રાહત અંગે એક સૂત્રતા જળવાઈ રહે તે હેતુથી આ સાથે નિયત પત્રકો સામેલ કરેલ છે તે મુજબ જ અરજી કરવાની રહેશે, તદઉપરાંત અત્રે જણાવેલ સુચનાઓ મુજબ કાર્યવાહી કરવા તેમજ સૂચનાઓનો અમલ કરવા આથી જણાવવામાં આવે છે

### સુચનાઓ :–

૧ આ સાથે સામેલ પત્રકોમાં નમુનો – ૧ આપેલ છે, જે હકક રજા તેમજ રજા પ્રવાસ રાહત / વતન પ્રવાસ રાહત માટે સદર પત્રક પ્રમાણે જ અરજી કરવાની રહેશે, તેમજ પત્રકોમાં કોઈ પણ જાતના સુધારા વધારા કરવા નહી જેથી એક સૂત્રતા જળવાઈ રહે.

૨ હકક રજા / રજા પ્રવાસ રાહત / વતન પ્રવાસ રાહતની દરખાસ્તો વહીવટી કામગીરીમાં સરળતા રહે તે હેતુસર અત્રેની કચેરીને ઓછામાં ઓછા ૧૫ (પંદર) દિવસ પહેલા મળી જાય તે રીતે અચુક મોકલવાની રહેશે.

૩ કર્મચારી/અધિકારીશ્રીઓ પોતાની કચેરીમાં રજા પ્રવાસ રાહત/વતન પ્રવાસ રાહતની દરખાસ્ત રજુ કરે ત્યાર બાદ જે તે ઓફિસે દરખાસ્તની સેવાપોથી સાથે સંપુર્ણ ચકાસણી કર્યા બાદ જ અત્રેની કચેરીએ મોકલવી.

૪ કર્મચારી/અધિકારીશ્રીઓ વતન પ્રવાસ માટે દરખાસ્ત કરે ત્યારે સેવાપોથીમાં વતનનો એકરાર કરેલ હોય તે પાનાની ઝેરોક્ષ નકલ પ્રમાણિત કરી સામેલ રાખી મોકલવાની રહેશે.

૫ પતિ–પત્ની બંને સરકારી નોકરી કરતાં હોય તો બંને માંથી એકે પોતાની કચેરીમાંથી ચાલુ બ્લોક વર્ષમાં રજા પ્રવાસ રાહત / વતન પ્રવાસનો લાભ લેવામાં આવેલ નથી તેવુ પ્રમાણ પત્ર અસલમાં રજુ કરવાનું રહેશે.

૬ રજા પ્રવાસ રાહત / વતન પ્રવાસ રાહતની દરખાસ્તમાં જણાવ્યા મુજબ કાર્યાલય આદેશ કરવામાં આવે છે, છતાં પ્રવાસ પૂર્ણ કરી પરત આવ્યા બાદ કાર્યાલય આદેશમાં સુધારો કરવા માટે અરજી કરે છે તે બિલકુલ યોગ્ય નથી, પ્રવાસનો કાર્યક્રમ અગાઉથી નકકી થયા મુજબ જ પ્રવાસની અરજી કરવામાં આવેલ હોઈ જે મંજુર થયા બાદ કોઈ પણ જાતના સુધારાઓ અત્રેથી કરવામાં આવશે નહી.

૭ રજા પ્રવાસ રાહત / વતન પ્રવાસ રાહતમાં જવા માટે મંજુરી મળ્યા બાદ જ કર્મચારી/અધિકારીશ્રીઓને જે તે ઓફિસના વડાશ્રીએ મંજુરી આપવાની રહેશે. જેથી ભવિષ્યમાં ઓડિટ પેરા ઉપસ્થિત ન થાય.

૮ રજા પ્રવાસ રાહતનો લાભ સાથે રોકડમાં રૂપાંતર કરેલ પ્રાપ્ત રજા તથા ભોગવેલ રજાને રજાના હિસાબ માંથી બાદ કર્યા પછી કર્મચારીના રજાના હિસાબમાં ઓછામાં ઓછી ૩૦ દિવસની પ્રાપ્ત રજાની સિલક હોવી જોઈએ.

૯ કર્મચારી/અધિકારીઓ તેમની કોઈપણ દરખાસ્ત / અરજી અત્રેની કચેરીએ મોકલ્યા બાદ અત્રેની કચેરીના કર્મચારી ઓનો સીધે સીધો સંપર્ક ન કરતા પ્રથમ મદદનીશ કુલસચિવશ્રી (વ) ત્યાર બાદ કુલસચિવશ્રીનો સંપર્ક કરવો.

૧૦ કર્મચારી/અધિકારીઓ રજા પ્રવાસ રાહત/વતન પ્રવાસ રાહત માટે એડવાન્સ લેવુ હોય તો પરિશિષ્ટ–૩ જામીનખતનું ફોર્મ દરખાસ્તમાં સામેલ રાખી મોકલવાનું રહશે.

ઈ/ચાકુલસચિવ
**નવસારી કૃષિ યુનિવર્સિટી**
**નવસારી**

**નકલ સવિનય રવાના જાણ તથા અમલ સારૂ :–**

(૧) તમામ યુનિવર્સિટીના અધિકારીશ્રીઓ.

(૨) તમામ યુનિવર્સિટીની કોલેજો/પોલીટેકનીકના ડીનશ્રીઓ/આચાર્યશ્રીઓ.

(૩) તમામ યુનિટ/સબ યુનિટ અધિકારીશ્રીઓ.

નમૂનો–૧

ગુજરાત મુલ્કી સેવા (રજા) નિયમો ૨૦૦૨

(જૂઓ નિયમ –૨૪)

## રજા મેળવવા તેમજ રજા મુદત વધારવા માટેનું અરજી પત્રક

| | | | |
|---|---|---|---|
| ૧. | અરજદારનું નામ. | : | |
| ૨. | ધારણ કરેલ હોદ્દો . | : | |
| ૩. | કચેરી અને શાખા. | : | |
| ૪. | પગાર . | : | |
| ૫. | હાલની જગ્યા પર મળતું ઘરભાડું વાહન ભથ્થુંઅનેઅન્ય વળતર ભથ્થા. | : | |
| ૬. | રજાનો પ્રકાર અને સમય ગાળો. | : | |
| ૭. | રવિવાર અને જાહેર રજાઓ રજાની આગળ/પાછળ જોડવાનો પ્રસ્તાવ હોય તો તે. | : | |
| ૮. | રજા માટે અરજી કરવાનું કારણ. **તેમજ** રજા રોકડમાં રૂપાંતર કરવાની હોય તો રજાની મુદત/બ્લોક/વર્ષ | : | |
| ૯ | છેલ્લી રજા પરથી હાજર થયા તે તારીખ અને રજાના પ્રકાર અને સમયગાળો. તેમજ ચાલુ વર્ષ દરમ્યાન પ્રાપ્ત રજા કેટલી વાર ભોગવેલ છે, તેની વિગત. | : | |
| ૧૦. | રજાના સમયગાળા દરમ્યાન સરનામું તથા મોબાઈલ નંબર | : | |
| ૧૧. | * નોકરીમાંથી મારું રાજીનામું અથવા મારી મરજિયાત નિવૃત્તિના પ્રસંગે, હું નીચેની રકમો પરત કરવા બંધાઉ છું.<br>**(૧)** જો નિયમ – ૫૭ ના પેટા–નિયમ (૧) લાગુ પડયો ન હોત, તો મને જે રૂપાંતરીત રજા મળવા પાત્ર ન હોત તે અંગે મળેલ રજા પગાર અને મળવાપાત્ર અર્ધપગારી રજા અંગેના રજા – પગાર એ બંને વચ્ચેના તફાવતની રકમ.<br>**(૨)** જો નિયમ – ૫૯ ના પેટા–નિયમ (૧) લાગુ પડયો ન હોત, તો જે રકમ મળવાપાત્ર ન હોત તે રજા દરમ્યાન મેળવેલરજા – પગાર. | : | |
| ૧૨ | નિયંત્રણ અધિકારીનું ટિપ્પણ અને/અથવા ભલામણ સહી<br>(તારીખ સાથે)<br>હોદ્દો :– | : | |
| ૧૩ | રજા મંજુર કરવા સક્ષમ સત્તાધિકારીના હુકમો.<br>(તારીખ સાથે)<br>હોદ્દો :– | : | |

* જો અરજદાર કોઈ પણ વળતર ભથ્થું મેળવતો હોય, તો રજા પૂરી થયે, સરકારી કર્મચારી તે જ જગ્યાએ અથવા તે જ પ્રકારની તેવા સમાન ભથ્થા મેળવતી જગાએ હાજર થવાનો સંભવ છે કે કેમ તે ઉલ્લેખ પણ આ હુકમમાં કરવો.

સ્થળઃ નવસારી

અરજદારની સહીઃ–(                    )

તા.    /    /૨૦

તારીખ સહિતઃ–(                    )

## રજા પ્રવાસ રાહત / વતન પ્રવાસ રાહત બ્લોક ભોગવવા માટેનું અરજી પત્રક

| | | | |
|---|---|---|---|
| ૧ | કર્મચારી/અધિકારીનું પૂરે પૂરું નામ | : | |
| ૨ | હોદ્દો | : | |
| ૩ | કચેરીનું નામ | : | |
| ૪ | પ્રથમ નિમણૂંક તારીખ | : | |
| ૫ | હાલની જગ્યા ઉપરની નિમણૂંક તારીખ | : | |
| ૬ | હાલનું પગાર ધોરણ (અ) પે બેન્ડ | : | રૂા. |
| | (બ) ગ્રેડ બેન્ડ | : | રૂા. |
| ૭ | રજા પ્રવાસ રાહત / વતન પ્રવાસ રાહત દરમ્યાન મુકેલ રજાનો પ્રકાર તથા સમયગાળો | | |
| ૮ | આગળ પાછળ આવતી જહેર રજાઓ | : | |
| ૯ | રજા પ્રવાસ રાહત / વતન પ્રવાસ રાહત ભોગવવાનું માધ્યમ | : | |
| ૧૦ | રજા પ્રવાસ રાહત / વતન પ્રવાસ રાહત મળવાપાત્ર માધ્યમ | : | |
| ૧૧ | રજા પ્રવાસ રાહત / વતન પ્રવાસ રાહત બ્લોક વર્ષ | : | |
| ૧૨ | સદર હુ દરમ્યાન મુલાકાતના સ્થળો | : | |
| ૧૩ | કયો બ્લોક ભોગવવા માગે છે, સદર હુ બ્લોક અગાઉ ભોગવેલ છે કે કેમ? | : | |
| ૧૪ | હયાત બાળકોની સંખ્યા | : | |
| ૧૫ | અગાઉ સદર બ્લોક વર્ષ તેમના માટે ભોગવેલ છે કે કેમ? કુટુંબ માટે રજા પ્રવાસ રાહત/વતન પ્રવાસ ભોગવેલ છે કે કેમ? | : | |
| ૧૬ | જો હા તો સદર બ્લોક વર્ષ માટે કયા કયા સભ્યોએ રજા પ્રવાસ રાહતનો લાભ લેવાયો હોય તો તેમની વિગતો | : | |
| ૧૭ | આ બ્લોક દરમ્યાન બાકીના સભ્યોએ રજા પ્રવાસ રાહતનો લાભ લેવા માંગતા હોય તો તેમની વિગતો | : | |
| ૧૮ | પ્રમાણિત કરવામાં આવે છે કે મારા પતિ/મારી પત્ની સરકારી નોકરીમાં નથી, પ્રમાણિત કરવામાં આવે છે કે મારા પતિ/મારી પત્ની સરકારી નોકરીમાં છે અને સંબંધિત ચાર વર્ષના સમયગાળા માટે તેમને અથવા કુટુંબના કોઈ સભ્યો માટે આ છુટછાટનો લાભ લીધો નથી. | : | પ્રમાણપત્ર |
| ૧૯ | રજા દરમ્યાનનું સરનામું | : | |
| | તારીખ | : | કર્મચારીની સહી<br>નામઃ |
| ૨૦ | નિયંત્રણ અધિકારીનો અભિપ્રાય અથવા ભલામણ | : | |

**<u>ઓફિસ ઉપયોગ માટે</u>**

જે તારીખથી રજા માગેલ તે દિવસે તેમની ...........દિવસની પ્રાપ્ત રજા તથા .........દિવસની અર્ધપગારી રજા લ્હેણી નિકળે છે.

કચેરીના વડાની સહી

## પ્રમાણપત્ર :

(૧) હોમટાઉન/લીવટ્રાવેલ કન્સેશન સને ................ના બ્લોક વર્ષનો લાભ આ અગાઉ મે લીધેલ નથી.

(૨) હોમટાઉન/લીવટ્રાવેલ કન્સેશન ફોર્મમાં જણાવેલ મારા કુટુંબના સભ્યો ખરેખર મારી સાથે રહે છે, અને મારા ઉપર સંપૂર્ણ આધારીત છે, તેમજ મારા પતિ / પત્ની / માતા / પિતા / પુત્ર / પુત્રી / ભાઈ–બહેન કોઈ પણ નોકરી કરે છે / કરતા નથી તેમજ તેમની બધુ મળીને કુલ માસિક આવક રૂા.૫૦૦/– થી ઉપર નથી.

(૩) લીવટ્રાવેલ કન્સેશન ઓપ્શન ફોર્મમાં દર્શાવેલ પુત્ર / પુત્રી / ભાઈ–બહેન અપરણિત છે. જે મારા ઉપર આધારિત છે.

(૪ હું તા.૦૧/૦૪/૧૯૮૯ પછી યુનિવર્સિટી સેવામાં દાખલ થયેલ છું તેમજ મારે બે થી વધુ જીવીત બાળકો નથી.

**(લાગુ ન પડતું હોય તે છેકી નાખવું)**

કર્મચારી/અધિકારીનું નામ અને સહી:( )

હોદ્દો :

## સંમતિ પત્ર

---

આથી હું નીચે સહી કરનાર ............................ , .................. સંમતિ આપુ છુ કે, મારા નીચે જણાવેલ કુટુંબના સભ્યો સાથે ............. થી ...........................................અને પરત નવસારી પ્રવાસ મને મળવાપાત્ર રજા પ્રવાસ રાહત બ્લોક વર્ષ ૨૦૧૬–૨૦૧૯ હેઠળ કરનાર છું.

(૧) સદરહુ પ્રવાસ હું તા.......................ના રોજ શરૂ કરી અને મારા મુખ્ય મથક ................ મુકામે પ્રવાસ કરી તા...................... ના રોજ પરત આવીશ.

(૨) રજા પ્રવાસ રાહત બ્લોક વર્ષ ૨૦........–૨૦...... દરમ્યાન મે સદરહુ રજા પ્રવાસ રાહતનો લાભ લીધેલ નથી.

(૩)સરકારશ્રીના નાણાં વિભાગના ઠરાવ મસભ/૨૧૬૬/૪૨૪૮૪ તા.૧૫.૧૦.૬૬ તથા ક્રમાંક : મસભ–૨૧૭૯/૮૨૫/ઝ તા.૧૫.૫.૭૯ તથા ત્યારબાદ વખતો વખત બહાર પાડેલ સરકારશ્રીના ઠરાવોની શરતો મને માન્ય છે. અને તે મુજબ રજા પ્રવાસ રાહત પેટે પ્રવાસ કરીશ.

### કુટુંબના સભ્યોની વિગત

(૧)
(૨)
(૩)
(૪)

સ્થળ : નવસારી

તા.      /      /૨૦

કર્મચારી/અધિકારીની સહીઃ–........................

હોદ્દોઃ–...................

## પરિશિષ્ટ–૧

## નિયંત્રણ અધિકારીએ બિનરાજયપત્રિત કર્મચારીઓ માટેનું આપવાનુ પ્રમાણપત્ર

(૧) પ્રમાણિત કરવામાં આવે છે શ્રી/શ્રીમતી/કુમારી ...............................,................એ મુખ્ય મથકેથી રજા પ્રવાસ/વતનમાં જવા અગેનો પ્રવાસ શરૂ થાય તે તારીખે એક વર્ષની અથવા તેથી વધુ મુદતની સળંગ નોકરી કરી છે.

(૨) નાણા વિભાગના તા. ૨૮/૦૮/૨૦૧૫ના સરકારી ઠરાવ નંબરઃમસભ/૧૦૨૦૧૩/૧૪૨૯૬૯/ ચના ફકરા–૯ અનુસાર જરૂરીયાત પ્રમાણે જરૂરી નોંધો શ્રી/શ્રીમતી/કુમારી.......................................ની સેવાપોથીમાં કરી છે.

(નિયંત્રણ અધિકારીની સહી અને હોદ્દો)

* (નોન ગેઝેટેડ અધિકારીઓ માટે)

.......................................................................................................................................

## પરિશિષ્ટ–૨

## રજા પ્રવાસ/વતન પ્રવાસ રાહત માટે સરકારી કર્મચારીએ આપવાના પ્રમાણ પત્રો

(૧) સને ૨૦.......... અને સને ૨૦.........ના ચાર વર્ષના સમયગાળા સબંધે મારા પોતાના માટે અથવા મારા કુટુબ માટે રજા પ્રવાસરાહત/વતન પ્રવાસ પુરતી બીજી કોઈ પણ માંગણી મે રજુ કરેલ નથી.

* (૨) મે/મારી પત્નીએ બાળકો સાથે/મે પોતે કરેલા પ્રવાસ સબંધી રજા પ્રવાસ રાહત માટેનું પ્રવાસ ભથ્થુ મે આકાર્યુ છે માગણી, અગાઉના પ્રસંગે તે ટુકડી સાથે પ્રવાસ નહી કરનાર બાળકો સાથે મારી પત્નીએ/મે પોતે કરેલા પ્રવાસ સબંધી છે.

(૩) આ પ્રવાસ, બાળકો સાથે મે/પત્નીએ, એકરાર કરાયેલો વતન પ્રવાસ/રજા પ્રવાસ રાહત માટે કર્યો છે.

(૪) પ્રમાણિત કરવામાં આવે છે કે મારા પતિ/મારી પત્ની સરકારી નોકરીમા નથી. પ્રમાણિત કરવામાં આવે છે કે મારા પતિ/મારી પત્ની સરકારી નોકરીમાં  છે. અને સંબંધિત ચાર વર્ષના સમયગાળા માટે તેમણે અથવા કુટુબનાના કોઈ સભ્યો માટે આ છુટછાટનો લાભ લીધો નથી.

*** (લાગુ ન પડતું હોય તે છેકી નાખવું)**

સરકારી કર્મચારીની સહીઃ–........................

હોદ્દોઃ–..................

## પરિશિષ્ટ–૩
### જામીનખતનું ફોર્મ

આ ખતથી જાણ થાય કે હું......................... .................. નો પુત્ર, રહેવાસી ............ ...... જીલ્લાના .......... (ગામમાં) હાલ ...............માં .............. તરીકે કાયમી જગ્યા ધરાવતા (હવે પછી જેનો ઉલ્લેખ જામીન તરીકે કરવામાં આવ્યો છે.) સરકારને ચુકવવા રૂ........ (અંકે રૂપિયા .......... ફકત)ની રકમ તેમજ એટની તથા અસીલ વચ્ચેનું સઘુળું ખર્ચ સરકાર કરે અથવા સરકારને કરવાનો ઉપસ્થિત થાય એવા બધાજ ચાર્જ અને ખર્ચ ચુકવવામાં આવે એની જવાબદારી લઉ છું અને એ અંગે ગુજરાતના રાજયપાલશ્રી (આ ખતમાં હવે પછી જનો ઉલ્લેખ સરકાર તરીકે કરવામાં આવ્યો છે અને જે શબ્દ પ્રયોગમાં એમના ઉત્તરાધિકારીઓ અને નામફેર કરી લેનારાઓનો સમાવેશ થશે) આ સાથે દૃઢતા પૂર્વક બંધાઉ છું. આ ચુકવણી બરાબર અને સાચી પ્રતિનિધિઓ આ ખતથી બંધાઈએ છીએ, જેની સાખ રૂપે બે હજાર ............ ના....... મહિનાની ............તારીખના રોજ મેં સહી કરી છે.

૨ ) હવે તેથી, શ્રી.......... ના પુત્ર, રહેવાસી ............... જીલ્લાના ............. હાલ ............ માં હંગામી ........... તરીકે નોકરી કરતા (આ ખતમાં વે પછી જેનો ઉલ્લેખ નાણા ઉછીના લેનાર તરીકે કરવામાં આવ્યો છે)ને સરકારના ............ માટે રૂ........(અંકે રૂપિયા.................ફકત)ની **રજા પ્રવાસનો લાભ લેવા પેશગી એની પોતાની વિનંતીથી જોગવાઈઓને આધીન આપવા સંમત થઈ છે** અને નાણા ઉછીના લેનારે ઉકત રકમ,સદરહું નાણા વિભાગના ઠરાવ ક્રમાંકઃ મસભ–૧૦૨૦૧૩–૧૪૨૯૬૯–ચ, તારીખ.૨૮/૦૮/૨૦૧૫ અન્વયે કરવામાં આવેલી ઠરાવના ફકરા–૧૦ (૭) અન્વયે નિયત કરવામાં આવેલ દરે અને રીતે ગણવામાં આવેલ દંડનીય વ્યાજ સહિત અથવા તે પૈકી તે સમયે બાકી અને વણે ચુકવાયેલી રહી હોય એટલી રકમ પર પેશગી આપ્યાની તારીખથી સદરહુ નિયત દરે ગણવામાં આવેલ દંડનીય વ્યાજ સહિત એક જ હપ્તામાં ભરપાઈ કરવાની જવાબદારી લીધી છે.

૩)અને તેથી સરકારે નાણા ઉછીના લેનારને ઉપર્યુકત પેશગી આપવાની સંમતિ આપી હોઈ તેના અવેજમાં જામીન અહી નીચે લખ્યા મુજબની શરતે ઉપરનું ખત કરી આપવા સંમત થયા છે.

૪)હવે ઉપર જણાવેલા ખતની શરત એ છે કે ઉકત નાણાં લેનાર ઉકત...........માં નોકરીમાં હોય ત્યારે સરકારની લેણી થતી ઉપર્યુકત પેશગીની રકમ તે પરના ઉપર્યુકત રીતે ગણવામાં આવેલ દંડનીય વ્યાજ સહિત અથવા એ પૈકી તે સમયે બાકી અને વણ ચુકવાયેલી રહી હોય એટલી રકમ પરના પેશગી શરૂ કરીને, રૂ.......... (અંકે રૂપિયા................. ફકત) ની ઉકત રકમ તે પર ઉપર્યુકત રીતે ગણવામાં આવેલ દંડનીય વ્યાજ સહિત રીસતે ચુકવાઈ ન જાય ત્યાંસુધીનાસરકારી લોન અંગે અમલમાં હોય એ નિયત સરકારી દરોએ ગણી કાઢેલા વ્યાજ સહિત હપ્તેથી યોગ્ય રીતે અને નિયમિતપણે સરકારને ચુકવશે અથવા ચુકવવામા આવે તેમ કરશે,તો આ ખત રદ થશે. અન્યથા આ ખત સંપૂર્ણ પણે અમલમાં રહેશે અને અસર કર્તા રહેશે.

૫) તે છતાં ,નાણાં ઉછીના લેનાર નાદાર બને અથવા કોઈપણ સમયે સરકારી નોકરીમાં ચાલુ ન રહે તો રૂ. ............ (અંકે............ફકત)ની ઉકત મુદ્દલની પૂરેપૂરી રકમ અથવા તે પૈકી તે સમયે વણચુકવાયેલી રહી હોય એ રકમ, અને પેશગી આપ્યાની તારીખથી ઉપર્યુકત રીતે ગણવામાં આવેલ ઉકત મુદ્દલની રકમ પરનું લેણુ થતું દંડનીય વ્યાજ સરકારને તરત જ લેણુ થશે અને ચુકવવાપાત્ર થશે અને આ ખત અન્વયે જામીન પાસેથી એક હપ્તામાં વસુલ કરવાપાત્ર થશે.

૬) ઉકત નાણાં ઉછીના લેનારને સરકારે આપેલ મુદત વધારા અથવા બીજી કોઈ છુટછાટને કારણે, જામીનને એની જાણ હોય કે ન હોય અથવા એ બાબતમા એમની સંમતિ હોય કે ન હોય તો પણ જામીન સ્વીકારેલી જવાબદારીમાંથી કોઈ પણ રીતે મુકત થઈ શકશે નહિ, અથવા જામીનની જવાબદારીને કોઈ અસર થશે નહી.

૭) આ દસ્તાવેજ અંગે કોઈ સ્ટેમ્પ ડયુટી ભરવાની હોય તો તે ભરવા સરકાર સંમત થાય છે.

૨૦...................... ના ......................... ની ................

તારીખે .............................. ખાતે.

(જામીનની સહી)

(હોદ્દો)

જે કચેરી હોય એ કચેરીનું નામઃ–

ઉકત .................. એ સહી કરી સોપ્યું

નીચેનાની હાજરીમાં

સાક્ષીઓની સહી, સરનામાં અને વ્યવસાય.

(૧)

(૨)